ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૦ ટકા

# શહેરમાં બૉયઝ-ગર્લ્સ હોસ્ટેલની બોલબાલા

## શહેરમાં ૮૦ થી વધુ હોસ્ટેલ કાર્યરત : વિદ્યાર્થી પાસેથી વાર્ષિક રૂ.૫૦ થી ૭૦ હજારનો ચાર્જ વસુલાય છે

ગાંધીનગર, તા-૭

ગાંધીનગર શહેરની ઓળખ બદલાઈ જવા પામી છે. શહેર વિધાનસભાથી વિધાધામ બની ગયું છે. શહેરમાં ૧૦૦ થી વધુ શાળાઓ તેમજ ૩૭ નેશનલ કક્ષાની યુનિવર્સિટીઓ આવેલી છે. નગરમાં અંદાજે દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં પાટનગરનું અનોખુ આકર્ષણ રહેલુ છે. પોતાના બાળકોને સારુ શિક્ષણ મળી રહે તે માટે વાલીઓ લાખો રૂપીયા ખર્ચ કરતા પણ અચકાતા નથી. શહેર વિદ્યાર્થીઓથી ઉભરાઈ રહ્યું છે. ત્યારે શહેરમાં ગર્લ્સ-બોયઝ હોસ્ટેલની બોલબાલા જોવા મળી રહી છે. શહેરના વિવિધ સેકટરોમાં એક અંદાજ મુજબ ૮૦ થી પણ વધુ હોસ્ટેલ કાર્યરત છે. જેમાં એક હોસ્ટેલમાં ૭૦ થી ૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. જયારે વાર્ષિક વિદ્યાર્થી દિઠ રૂ. ૫૦ થી ૭૦ હજાર રહેવા જમવા સહિત આધુનિક સગવડો પુરી પાડવામાં આવે છે. જયારે મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મધ્યગુજરાત, સૌરાષ્ટ્ર સહિતના જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસઅર્થે શહેરમાં આવ્યા છે. જયારે ગાંધીનગર શહેરમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર, સાબરકાંઠા અને બનાસકાંઠાના જોવા મળે છે. જયારે કેટલાક હોસ્ટેલ સંચાલકો ધોરણ-૨ થી ૫, ધો-૫ થી ૮, ધો-૯ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસક્રમ સુધીના અલગ અલગ વિભાગ પાડવામાં આવ્યા છે અને તે જ રીતે ફી પણ વસુલવામાં આવે છે. જયારે વિદ્યાર્થીઓને સવાર-સાંજ જમવાનું મેનુ પણ ફિકસ કરી દેવામાં આવ્યું હોય છે. જયારે બાળકો પર બેઠાબેઠા નજર રહે તે માટે સલામતીને ધ્યાને લઈ સીસીટીવી કેમેરાથી હોસ્ટેલો પણ સજ્જ કરી દેવાઈ છે. અત્યારે હાલ નવા શૈક્ષણિક વર્ષમાં બાળકો માટે હોસ્ટેલની પસંદગી માટે માતા-પિતા સેકટરોની વિવિધ હોસ્ટેલની ચકાસણી કરતા નજરે પડે છે. પરંતુ શહેરમાં પણ અત્યારે હાલના સમયે આ બિઝનેસમાં તેજી જોવા મળી રહી છે.

### વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં આપવામાં આવતી સુવિધાઓ

વિદ્યાર્થીઓને ચા-નાસ્તો, રહેવા-જમવાની સાથે કપડા ધોઈને ઈસ્ત્રી કરવાના, વાંચન માટે ટેબલ-ખુરશી, બેડ, થાળી-વાટકી-ચમચી-ડીશ, લોકર, સહિત સ્પોકન ઈંગ્લીશના કલાસ, દરમાસે વિદ્યાર્થીઓનું મેડીકલ ચેકઅપ, વાલી મીટીંગ, અભ્યાસમાં વીકલી ટેસ્ટ, ટયુશન માટેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જયારે કેટલીક હોસ્ટેલ સલામતીને પગલે સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવી છે. જયારે મહિલા હોસ્ટેલમાં સલામતીનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.

@ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે ૩ થી ૫ દરમિયાન યોજાશે.

## ગોવર્ધનનાથજીની હવેલી ખાતે કેરી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે તા. ૯મી જુનના રોજ સાંજના ૬.૩૦ કલાકે શયન દર્શનમાં 'કેરી મનોરથ'ના દર્શનનો લાભ લેવા માટે માનદ મંત્રીએ અનુરોધ કર્યો છે.

## રવિવારથી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે 'સન્ડે સાયન્સ સ્કૂલ'નો પ્રારંભ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૨૩માં નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર દ્વારા આગામી તા. ૧૧મી જૂનથી ચાલુ વર્ષના 'સન્ડે સાયન્સ સ્કૂલ'નો પ્રારંભ કરાઈ રહ્યો છે. આ કાર્યક્રમ થકી શાળાકીય અભ્યાસ સાથે વિદ્યાર્થીઓ ૪૦ જેટલા વિજ્ઞાનના પ્રયોગો તેમજ અન્ય વિજ્ઞાન સંલગ્ન મહત્વની બાબતો શીખે છે જેમાં પ્રતિવર્ષ આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં તાલિમ પામેલા ૩૦ જેટલા વિદ્યાર્થીઓ ચિલ્ડ્રન સાયન્ટિસ્ટનો એવોર્ડ પણ જીતી ચુકયા છે.

સન્ડે સાયન્સ સ્કૂલ દર રવિવારે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાય છે. જેમાં ધો-૮ માટે સવારે ૯ થી ૧૦, ધો-૯ માટે ૧૦ થી ૧૧, ધો-૧૦ માટે ૧૧ થી ૧૨ ઉપરાંત ધો-૪ માટે બપોરે ૨ થી ૩, ધો-૬ માટે ૩ થી ૪ અને ધો-૭ માટે સાંજે ૪ થી ૫ કલાક દરમિયાન યોજાય છે. આ ઉપરાંત સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વર્કશોપ્સ, નેશનલ સાયન્સ સેમિનાર, સાયન્સ કવીઝ, સાયન્સ ફેર તેમજ સાયન્સને લગતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાનો પણ લાભ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સે-૨૩માં લગ્નવાડી પાસે ઘ ટાઈપ આવાસમાં બ્લોક નં. ૬૧/૧ ખાતે સાયન્સ સેન્ટરના કાર્યાલય પર કોઓર્ડિનેટર હાર્દિક મકવાણા અથવા શિવાંગ પટેલનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## જુના સેકટરોમાં પુરતા ફોર્સમાંથી પાણી આપવા તંત્રને રાજધાની સેવા મંડળની રજુઆત

ગાંધીનગર, તા.૭

શહેરમાં જુના સેકટર્સમાં પાણીની બુમ સમયાંતરે ઉઠવા પામે છે. પાણી ન આવતા ગૃહિણીઓએ ભારે હેરાની વેઠવાનો વારો આવે છે. ત્યારે આ અંગે રાજધાની વસાહત સેવા મંડળ ગાંધીનગરના પ્રમુખ રજુજી ગોલ જણાવે છે કે જુના સેકટરોના રહેણાંક એરીયામાં કેટલાય મકાનોમાં પીવા માટે પણ પાણી આવતું નથી. જેને પગલે સેકટરવાસીઓમાં પાણીની બુમ ઉઠવા પામી છે. જયારે સરકારી તંત્ર દ્વારા સવાર-સાંજ પાણી આપવામાં આવશે તેમજ વધુ ફોર્સથી પાણી આપવામાં આવશે. જેથી ત્રીજે માળ સુધી પણ પાણી પહોંચશે તેવું જણાવ્યું હતું. પરંતુ હજુ સુધી પહોંચ્યુ નથી તો બીજી તરફ શિયાળામાં પણ પાણીના પોકાર ઉઠવા પામે છે. જયારે વસાહતીઓને બહારની ચોકડીમાંથી પાણી ભરવુ પડે છે. જુના સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી આવે તે માટે પાણી બનાવવાની જરુરીયાત ઉભી થઈ હોય તેવું લાગે છે. રાજયના પાટનગરમાં જ નાગરીકોને પાણી માટે વલખા મારવા પડે છે જયારે અન્ય શહેરમાં તો ચાર માળ સુધી પણ પાણી પહોંચે છે. ત્યારે પાટનગર નિર્માણ થયેને પાંચ દાયકાનો સમય થયો હોવા છતા પાણી ફોર્સથી જુના સેકટરોના નાગરીકોને મળતુ નથી તે શરમજનક બાબત છે. ત્યારે રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખે ઉચ્ચકક્ષાએ જુના સેકટરોમાં પાણી સરળતાથી મળી રહે તે માટે રજુઆત કરી છે.

## શહેરમાં પાણી પુરવઠો રાબેતા મુજબ રહેશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત પાણી પુરવઠા અને ગટર બોર્ડ દ્વારા નર્મદાના પાણીનો પુરવઠો નિયમિત રીતે પુરો પાડવાનો નિર્ણય તંત્ર દ્વારા તા. ૭-૬-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યો છે. તેથી શહેરમાં વસતા ગ્રાહકો અને સમાવિષ્ટ ગામડાઓમાં તા. ૮-૬-૨૦૧૭ના રોજ પાણીનો પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે જેની તમામ વસાહતીઓએ નોંધ લેવા વિનંતી.

## સુઘડ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

### આશરે ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનો ડીકમ્પોઝ થઈ ગયેલો મૃતદેહ ત્રણેક દિવસથી પાણીમાં પડયો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૭

અડાલજ નજીક કોબા-ઈન્દિરાબ્રિજ માર્ગ પરથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૩૨ થી ૩૫ વર્ષના આ અજાણ્યા યુવાનનો મૃતદેહ ડીકમ્પોઝ થઈને વિકૃત થઈ ગયો હતો. અડાલજ પોલિસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ માટે તથા મૃત્યુનું કારણ બહાર લાવવા માટે તપાસ તેજ બનાવી છે.



કોબા-ઈન્દિરાબ્રીજ માર્ગ પરથી પસાર થઈ રહેલા રાહદારીને સુઘડ નર્મદા કેનાલમાંથી એક યુવાનનો તરતો મૃતદેહ દેખાતા તેણે અડાલજ પોલિસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલિસ બપોરે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા તેની પાસેથી મળી આવ્યા ન હતા. યુવાનના કમરે જીન્સનું પેન્ટ અને પગે સેન્ડલ પહેરેલા છે. બિનવારસી આ યુવાનની ઓળખ માટે તેના આ સેન્ડલ અને જીન્સનું પેન્ટ મદદરૂપ થઈ શકે તેમ છે તેનો ચહેરો વિકૃત હાલતમાં થઈ ગયો હતો અને મૃતદેહ ફોગાઈને ખરાબ થઈ ગયો હતો. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે. જો કે મોડી સાંજ સુધી તેની ઓળખ થઈ શકી ન હતી.

## કોલવડામાં મહિલા બુટલેગરને ઘરે પોલિસે રાત્રે દરોડો પાડયો

### ૭૨ નંગ બિયરના ટીન અને વિદેશી દારૂની બોટલોનો જથ્થો મળ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામની સીમમાં એક મકાનમાં વિદેશી દારૂ-બિયરનો વેપલો થતો હોવાની બાતમી પેથાપુર પોલિસને મળતા મોડી રાત્રે પોલિસે દરોડો પાડયો હતો. મહિલા બુટલેગરને ઘરેથી ૭૨ નંગ બિયરના ટીન અને વિદેશી દારૂની બે બોટલો મળી આવતા મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તો બીજી તરફ મહિલા બુટલેગર સ્થળ પર ન મળી આવતા ફરાર છે તેને પકડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમને બાતમી મળી હતી કે કોલવડા ગામના નિશાળવાળા વાસમાં એક મકાનમાં દારૂ-બિયરનું વેચાણ થાય છે તેને આધારે સોમવારે રાત્રે સવા અગિયાર વાગ્યે ટીમે દરોડો પાડી મંજુલા બાબુજી ઠાકોરના મકાનમાંથી ૭૨ નંગ બિયરના ટીન અને બે નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો પકડી પાડયો હતો. રૂ. ૮ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી પેથાપુર પોલિસે ફરાર મહિલા બુટલેગર મંજુલા ઠાકોરની સામે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સે-૭ના રણછોડજી મંદિરમાં કેરીનો મનોરથ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સે-૭ના રણછોડજી મંદિરમાં તા. ૯-૬-૨૦૧૭ના જેઠ સુદ પુનમે સ્નાન યાત્રાના રોજ સાંજે ૫ થી ૭.૩૦ કલાક દરમિયાન શ્રીજીને કેરીના મનોરથનું આયોજન કરવામાં આવેલ છે તો ગાંધીનગરની સર્વે ધર્મપ્રેમી જનતાને દર્શનો લાભ લેવા વિનંતી છે.

## અસ્થિ વિસર્જન માટે પ્રસ્થાન પૂર્વે પ્રાર્થના સભાનું આયોજન

ગાંધીનગરના શહેર વસાહત મહામંડળ દ્વારા દર માસે શહેરના અંતિમધામ ખાતે અંતિમ સંસ્કાર પામેલ દિવંગતોના તથા અન્ય સ્થળેથી આવેલ દિવગંતોના અસ્થિ હરિદ્વાર ખાતે વિસર્જન કરવાની સેવા પુરી પડાય છે. આ માસે પણ તા. ૧૨મી જુનના રોજ હરિદ્વાર ખાતે વિધિપૂર્વક અસ્થિ વિસર્જન કરવામાં આવનાર છે. અસ્થિ વિસર્જન પૂર્વે મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે તા. ૧૦મી જુનના રોજ સવારે ૯.૧૫ કલાકે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

જુનિયર સિટીઝન કાઉન્સિલના સહકારથી યોજવામાં આવેલ આ પ્રાર્થનાસભામાં અસ્થિકુંભના અંતિમ દર્શન, પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મૃતાત્માઓના સ્વજનો, સ્નેહીઓને વસાહત મહામંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ વખતે અસ્થિ વિસર્જનની સેવા શશીકાંત મોઢા તથા મુકેશભાઈ શુકલ દ્વારા આપવામાં આવનાર છે. તેઓ તા. ૧૦મી જુનના રોજ ગાંધીનગર રેલવે સ્ટેશનથી હરિદ્વાર મેઈલ દ્વારા સવારે ૧૦.૫૦ કલાકે પ્રસ્થાન કરશે. અસ્થિ કુંભ દર્શનનો લાભ કેપીટલ રેલવે સ્ટેશને પણ સ્નેહીજનોને મળી શકશે.

આઈ લવ માય ગાંધીનગર



**મહેન્દ્ર હડિયા**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**
હરિયાળી, સુંદરતા, સુઆયોજન અને સહૃદયી લોકોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
પારકાંને દૂધમાં સાકરની જેમ પોતાનામાં ભેળવી દેનારા પ્રેમાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
સેવા, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી અનેક સંસ્થાઓ આ શહેરમાં છે, જે પૈકી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન તેમજ જી ઈ કલબની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા અને જાહેર શિસ્તની બાબતમાં હજુ ઘણું કરવાનું બાકી છે એમ હું માનું છું.

**નગર માટે હું કરી શકું**
કલા અને વ્યક્તિત્વ વિકાસ ક્ષેત્રમાં મારી બધા જ પ્રકારની સહાય માટે હું તૈયાર છું.

## રથયાત્રાની તૈયારી માટે સોમવારે બેઠકનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના પંચદેવ મંદિરેથી દર વર્ષે અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા નીકળે છે. આ વર્ષે પણ તા. ૨૫મી જુન રવિવારે અષાઢી બીજના તહેવારે રથયાત્રા શહેરના માર્ગો પર ફરશે. રથયાત્રાના આયોજન માટે શહેરના સામાજિક સંસ્થાઓના આગેવાનો તથા નગરના પ્રબુધ્ધ અગ્રણીઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક તા. ૧૨મી જુન સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિર ખાતે મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રતિ વર્ષ અષાઢી બીજે નીકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા નગરનો પોતાનો ઉત્સવ બની ચુકી છે. આ રથયાત્રાનું આયોજન શહેરની સામાજિક સંસ્થાઓ સહિત અગ્રણી શહેરીજનોના સહકારથી અને અસંખ્ય સ્વયંસેવકોના અથાગ પરિશ્રમથી સુપેરે પાર પાડવામાં આવે છે. આ વર્ષે પણ રથયાત્રાનું આયોજન સુયોગ્ય રીતે પાર પડે તે માટે પૂર્વ તૈયારીના ભાગ રૂપે શહેરની સામાજિક સંસ્થાઓના આગેવાનો તથા પ્રબુધ્ધ નાગરિકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.




## થાઈલેન્ડ પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલમાં પારૂલ પરમારને સુવર્ણ ચંદ્રક

### વુમન સિંગલમાં સુવર્ણ ચંદ્રક ઉપરાંત વુમન ડબલ્સમાં કાંસ્ય ચંદ્રક સાથે બે મેડલ્સ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે થાઈલેન્ડ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં એક સુવર્ણ તથા એક કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો છે. પારૂલ પરમારે આ સિધ્ધિ સાથે ગુજરાત સહિત ભારતનું નામ રોશન કર્યુ છે.

થાઈલેન્ડ ખાતે પેરા બેડમિન્ટન ઈન્ટર નેશનલ ૨૦૧૭ ચેમ્પિયનશીપનું તા. ૩૦મી મે થી તા. ૪થી જુન દરમિયાન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ થાઈલેન્ડ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની અર્જુન એવોર્ડ વિજેતા પેરા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. પારૂલ પરમારે આ ટૂર્નામેન્ટમાં વુમન સીંગલમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત તેમણે વુમન ડબલ્સમાં પણ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પારૂલ પરમારને વર્ષ ૨૦૦૯માં પેરા બેડમિન્ટન રમત ક્ષેત્રે પ્રસંશનીય યોગદાન આપવા બદલ અર્જુન એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. પારૂલ પરમારે અત્યાર સુધીમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક મેડલ્સ જીતી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

## વિશ્વ પર્યાવરણ દિવસે બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિશ્વ આજે ગ્લોબલ વૉર્મિંગ તેમજ પર્યાવરણની અસમતુલાની સમસ્યાથી પરેશાન છે ત્યારે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને પણ પર્યાવરણની સાચવણી માટે જાગૃતિ લાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કરવું પડશે. આજે ભારત દ્વારા અવકાશ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ મેળવી તેને પણ સાયન્સ સીટી ખાતે જીવંત નિહાળી હતી. શ્રીહરિકોટા થી GSLV-III ઈસરો દ્વારા લોન્ચ કરવા માં આવ્યું તેમજ ફક્ત ૧૬ મિનીટમાં પરિભ્રમણ કક્ષામાં તેને પહોંચાડવામાં આપણી ઈસરો સંસ્થા સફળ રહી. તેના સાક્ષી બનવું તે પણ બીબીએના વિદ્યાર્થીઓ માટે એક લ્હાવો હતો. વિદ્યાર્થીઓને ઈસરોના તજજ્ઞો દ્વારા અત્રે ઉપયોગી માર્ગદર્શન પણ મેળવ્યું તેમજ ત્યારબાદ બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીબીએના વિદ્યાથીઓ દ્વારા કુલ આઠ જેટલી અલગ અલગ રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને આવા પ્રતિષ્ઠિત મંચ પરથી રજૂઆતનો મોકો મળ્યો તેથી તેઓએ આંનદની લાગણી વ્યક્ત કરી હતી. બીબીએ સાથે સાથે વિદ્યાર્થીઓ ડાન્સ, એન્કરીંગ, સિંગિંગ તેમજ ગીટાર સાથે વાદ્યવાદન જેવી કલાઓમાં પણ નિપુણતા કેળવી છે. જેથી અહીં ઉપસ્થિત શ્રોતાઓને તેમણે મંત્ર મુગ્ધ કરી દીધા હતા. વિદ્યાર્થીઓએ અહીંના મેનેજમેન્ટનો ઊંડાણપૂર્વક



અભ્યાસ કર્યો હતો. જેથી ભવિષ્યમાં તેઓ પણ વિવિધ મેનેજમેન્ટ ઈવેન્ટ મેનેજ કરી શકે. વિદ્યાર્થીઓ સાથે સાઈન્સ સિટી તરફથી અહીંના સ્ટાફ સભ્યોએ વિદ્યાર્થીઓ સાથે સમન્વય સાધી સંપૂર્ણ મુલાકાત સફળતાપૂર્વક સંપન્ન કરાવી હતી. સમગ્ર મુલાકાત બાબતે ગુજકોસ્ટનાં ઍડવાઈઝર તેમજ સાઈન્સ સિટીનાં સિનિયર સાઈંટિસ્ટ ડૉ. નરોત્તમ સાહુનો સહકાર સાંપડયો હતો. વિદ્યાર્થીઓ વેકેશન દરમ્યાન મળેલ સમયનો સદુપયોગ કરે તેમજ તેઓને અવનવી બાબતો જાણવા મળે તે ઉદેશ્યથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટનાં અભ્યાસક્રમમાં જ ઈવેંટને મેનેજ કરવાના ગુણો શીખે છે. તેમજ તેને અમલમાં મૂકી શકે તે માટેની સુવર્ણ તક વિદ્યાર્થીઓને અહીંના કાર્યક્રમથી સાંપડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ કૉલેજમાં પણ અનેક સાંસ્કૃતીક તેમજ શૈક્ષણીક ઈવેંટ મેનેજ કરતા હોય છે. અભ્યાસની સાથે સાથે આવી મુલાકાતો યોજવા પાછળ સંસ્થાનો ઉદેશ્ય તેઓને બાહ્ય દુનિયામાં પોતાના જ્ઞાનનાં ક્રિયાત્મક પ્રયોગ કરવાનો મોકો મળે તે માટેનો હોય છે.

કૉલેજ તરફથી મુલાકાતને સફળ બનાવવા આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. માલજીભાઈ વિહાજી રબારી, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર સુબાજી રામચંદજી, ઉ.વ. ૪૨
- સ્વ. ઠાકોર લાલાજી કેશાજી, ઉ.વ. ૪૦
- સ્વ. ડૉ. હર્ષદરાય પ્રાણજીવનદાસ મહેતા, ઉ.વ. ૭૭
- સ્વ. ગોવિંદભાઈ માધવલાલ દરજી, ઉ.વ. ૫૯